પ્રોજેક્ટ “પા પા પગલી” અંતર્ગત પી.એસ.ઇ. ઇન્સટ્રક્ટરના માસિક પગારમાં રૂ.૪,૦૦૦/- નો વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0020/B1

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા.૧૬/૦૪/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ૧

આમુખ:

વંચાણે લીધેલ (૧) થી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે “પા પા પગલી” પ્રોજેક્ટ તા.૧૬/૦૪/૨૦૨૧થી અમલીકૃત છે. જે મુજબ જિલ્લા અને ઘટક કક્ષાના પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટરોને અનુક્રમે રૂ.૨૦,૦૦૦/- અને રૂ.૧૨,૦૦૦/- નો માસિક પગાર ચુકવવામાં આવે છે. જિલ્લા અને ઘટક કક્ષાના પ્રિ-સ્કુલ ઇન્સ્ટ્રક્ટરોના માસિક પગારમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

પ્રોજેક્ટ "પા પા પગલી" અંતર્ગત કાર્યરત પી.એસ.ઇ. ઇન્સ્ટ્રક્ટરોના માસિક પગારમાં રૂ.૪,૦૦૦/- નો આથી વધારો કરવામાં આવે છે. આમ હવે જિલ્લા કક્ષાના ૩૯ ડિસ્ટ્રિક્ટ PSE ઇન્સ્ટ્રક્ટરોને માસિક પગાર રૂ.૨૪,૦૦૦/- ચુકવવાનો રહેશે તેમજ ઘટક કક્ષાના ૪૨૬ બ્લોક PSE ઇન્સ્ટ્રક્ટરોને માસિક પગાર રૂ.૧૬,૦૦૦/- ચુકવવાનો રહેશે.

ઉપરોક્ત માસિક પગારના વધારામાં ઇન્સ્ટ્રક્ટરોના વાહન ભાડા ખર્ચનો સમાવેશ થઇ જાય છે.

નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા ઉપરોક્ત પ્રિ-સ્કુલ ઇન્સ્ટ્રક્ટર્સની કામગીરીની સઘન દેખરેખ માટેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની e-ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૩/૦૩/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૨. માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. અગ્ર સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૭. નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

૮. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ...............................

Signature valid
Signed by:Satish Patel
Section Officer
Date: 2023.03.17
13:11:37 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૯. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ. કોર્પો.........................

૧૦. વિભાગીય નાયબ નિયામકશ્રી, (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)

૧૧. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇ.સી.ડી.એસ.) જિલ્લા પંચાયત કચેરી, જિ.........................

૧૨. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇ.સી.ડી.એસ.) મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ. કોર્પો..............

૧૩. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ

૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

૧૬. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.

૧૭. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

૧૮. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ પર મુકવા સારૂ

૧૯. સિલેક્ટ ફાઇલ